# અંબાજી મંદિરમાં હોળીની અનોખી ઉજવણી : પૂજારીઓ દ્વારા માઈભક્તો ઉપર ફૂલોની વરસાદ

## મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ માના આશીર્વાદ લીધા



અંબાજી,તા. ૯

હોળીના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જગત જનની અંબાના દ્વારે પહોંચ્યા હતા. લોકોએ માતાજીના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યો હતો. અંબાજી મંદિરમાં વિશેષ પ્રકારે હોળીની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના પૂજારીઓ દ્વારા ભક્તો ઉપર ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો હતો. ત્યારે અંબાજી દર્શન કરવા આવેલા ભક્તો પણ હોળીના રંગમાં રંગાતા જોવા મળ્યા હતા. મંદિરના મહારાજ દ્વારા અલગ-અલગ કલરના સૂકા રંગ ભક્તો પર છાંટવામાં આવ્યા હતા. હોળી પર્વ માં અંબાના મંદિરમાં ફૂલોથી ઉજવવામાં આવ્યો હતો. અંબાજી મંદિરને રંગબેરંગી ફુલોથી શણગારવામાં પણ આવ્યું હતું. મંદિરમાં ફૂલોની હોળી મનાવી મંદિરના ભટજી મહારાજ દ્વારા દરેક લોકોને હોળીની શુભકામના પાઠવવામાં આવી હતી. ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં હોળીના દિવસે માતાજીને બાલ ભોગની જગ્યાએ ખજૂરનો પ્રસાદ ધરાવવામાં આવે છે. બપોરે જે રાજભોગ ધરાવવામાં આવતો હોય છે તેની જગ્યાએ વઘારેલી ધાણી ધરાવવામાં આવે છે. બપોરે રાજભોગની જગ્યાએ સાંજે આરતી વખતે રાજભોગ ધરાવવામાં આવતો હોય છે કારણ કે માતાજીને પણ વ્રત કરાવવામાં આવતું હોય છે. આ મંદિરની જૂની પરંપરા છે.

# બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં ધુળેટી પર્વ-વિશ્વ મહિલા દિવસની ઉજવણી

## સોસાયટીના સર્વાંગી વિકાસ માટે સંકલ્પ લેવાયો



બાયડ, તા.૯

બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં બુધવારે ધુળેટી પર્વ તેમજ વિશ્વ મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીના સર્વાંગી વિકાસ માટે સભ્યોના સૂચનો માંગવામાં આવ્યા હતા અને તેમના દ્વારા મળેલા સૂચનો અનુસાર સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧ ને બાયડની સૌથી વધુ સુવિધાયુક્ત સોસાયટી બનાવવો નિર્ણય કરાયો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર હોળી-ધુળેટી પર્વની ઉજવણીની સાથે સોસાયટીમાં રહેતા તમામ સભ્યોમાં એક પારિવારીક ભાવના ઉભી થાય તે ઉદ્દેશ્યથી તા.૮ માર્ચના રોજ સ્વામિનારાયણ સોસાયટી-૧માં રહેતા તમામ સભ્યોનો સ્નેહમિલન સમારોહ, ધુળેટી ઉત્સવ ઉજવણી અને વિશ્વ મહિલા દિવસની ઉજવણી સહિતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં સોસાયટીના સર્વાંગી વિકાસ માટે તમામ સભ્યોને પોતાના મંતવ્ય રજૂ કરવા જણાવવામાં આવ્યું જેમાં ડી.એન.પટેલ(નિવૃત્ત ઈજનેર), ડાં.સુનિલભાઈ શાહ, જયંતિભાઈ કે. પટેલ(કૈવલ મેડીકલ સ્ટોર્સ-બાયડ), અનિલભાઈ જે. પટેલ(પૂર્વ પ્રમુખ-સ્વામિનારાયણ સોસા.-૧), ધીરૂભાઈ પટેલ(આદિત્ય ઈલેક્ટ્રોનિક્સ), પ્રહલાદભાઈ પટેલ, ઘનશ્યામભાઈ એસ. પટેલ(શિક્ષક), ધીરૂભાઈ કે. પટેલ(બંસીધર હાર્ડવેર), જગદીશભાઈ પટેલ(માધવ સુપર મોલ), પરેશભાઈ વી. પટેલ(પ્રગતિ ઓટો), કેતનભાઈ આર. પટેલ(ધરતી મેડીકલ), દિનેશભાઈ કે. પટેલ(સ્વામિનારાયણ કિરાણા સ્ટોર્સ), ચંદ્રેશભાઈ કે. પટેલ(પૂર્વ પ્રમુખ : સ્વામિનારાયણ સોસા.), વિજયભાઈ બી. સોની, સુશીલભાઈ જી. પટેલ, હિતેષભાઈ ત્રિવેદી, રાકેશભાઈ દરજી, મનુભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, હેમંતભાઈ કે. ભાવસાર, ગોપાલ પટેલ, કર્મવીર એસ. પટેલ, પારીતોષ પટેલ, રાકેશભાઈ જોષી વગેરેએ સોસાયટીના વિકાસ માટેના પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. અત્યારે સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧ સી.સી.ટીવી કેમેરાથી સજ્જ કરવાની સાથે દૈનિક સફાઈનું અભિયાન પણ ચાલી રહ્યું છે. આવનારા દિવસોમાં સિનિયર સીટીઝનો સહિત બાળકો અને મહિલાઓ એક સાથે બેસી ગોષ્ઠી અને સત્સંગ કરી શકે તે માટે સુવિધાયુકત પાર્કીંગ પ્લોટ બનાવવાનો પણ નિર્ણય લેવાયો છે તેમજ મહિલા દિવસ હોવાથી ઉપસ્થિત મહિલાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, સેક્રેટરી ચેતન એમ. પટેલ વગેરેના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.

# વિવેકાનંદ ઈંગ્લિશ સ્કૂલ, તલોદમાં વર્ષિકોત્સવની સફળ ઉજવણી કરાઈ




તલોદ, તા. ૯

તલોદમાં આવેલ વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ સ્કૂલમાં વર્ષઃ૨૦૨૨-૨૩નો સાતમો વર્ષિકોત્સવ ઉજવાયો હતો. જેમાં શાળાનાં તમામ બાળકોએ અને વાલીએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. વિનોદભાઈ મૂંગડ, ડૉ. રજનીભાઈ શાહ, દિનેશભાઈ પંચાલ અને દિનેશભાઈ પરશિયા હાજર રહ્યા હતા. શાળાના પ્રમુખ શ્રી, ટ્રસ્ટી મંડળશ્રી અને આચાર્ય શ્રીએ પોતાના વક્તવ્ય અને વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. બાળકોમાં રહેલી આંતરિક શક્તિ ઉજાગર કરતાં, કાર્યક્રમની સફળતાનો સૌ કોઈએ આનંદ લીધો હતો.

# પ્રાંતિજ ખાતે આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મારી સખી ટીમ દ્વારા આંતરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી કરવામા આવી. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ મા દશામા ના મંદિર ખાતે આવેલ હોલ ખાતે પ્રાંતિજ તાલુકામા કાર્યરત મારી સખી ટીમ દ્વારા આંતરાષ્ટ્રીય મહિલા દિવસ ને લઈ ને મહિલા દિવસ ની ઉજવણી કરવામા આવી હતી જેમા સમાજ ની મહિલાઓ નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો ક્વીઝ , સંગીત ખુરશી , લોકગીત સ્પર્ધા નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ડાં કૃતિ શ્રોફ દેવાંશી બેન , શીતલ બેન અમીન , ધનીબેન ઉપસ્થિત રહ્યા હતા તો પ્રિયંકાબેન , દેવાંશી બેન , વૈભવી બેન , હિરલબેન નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો ડાં.રેખાબેન ડોડીયા તથા વિધાના બેન વણકર દ્વારા કાર્યક્રમ નુ સંચાલન કર્યુ હતુ તો મારી સખી ટીમ દ્વારા આંતરાષ્ટ્રીય મહિલા દિવસ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી.

# પ્રાંતિજ ખાતે હોળી પર્વ નિમિત્તે વસંતોત્સવ સ્નેહ મિલન સમારોહ યોજાયો

## કંકુ તિલક કરી એક બીજાને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી : રંગોની તીલક હોળીથી રંગાયા



પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કાર્યરત ટેનિસ કલબ અને રતિલાલ ગો.પરીખ વ્યાયામ શાળા ખાતે ધૂળેટીના દિવસે સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ખાતે વર્ષોથી કાર્યરત ટેનિસ કલબ અને રતિલાલ.ગો.પરીખ વ્યાયામ શાળા ખાતે ધૂળેટીના પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી અને દર વર્ષનીજેમ આ વર્ષે પણ વસંતોત્સવ મિલન સમારોહ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ઉપસ્થિત સોવકોઈ કકુ તિલક કરીને ધુળેટી ના પર્વ ની ઉજવણી કરવામા આવી હતી અને રંગોની તિલક હોળી થી રંગાયા હતા અને એક બીજા ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, રઈશભાઈ કસ્બાતી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ, મંડળના સ્ટ્રીટ શરદભાઈ પરીખ, ડાં એન.કે ડેરીયા, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, સંદીપ ભાઈ શાહ સહિત નગરના આગેવાનો નગરજનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને એક બીજા ને શુભકામનાઓ પાઠવી હતી.

# અરવલ્લીમાં કમોસમી માવઠાએ ખેતીનો સોથ વાળ્યો,પવન અને કરા ખેડૂતો માટે દેવારૂપી બન્યા



મોડાસા, તા. ૯

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેમજ અરબી સમુદ્રમાં સક્રિય થયેલા ટ્રફની અસરને પગલે હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ માવઠાની આગાહી કરવામાં આવી હતી અરવલ્લી જીલ્લામાં ભારે પવન સાથે વરસાદ ખાબકતા ખેતરમાં ઉભા પાક અને ખેતરમાં લણીને રાખેલ ઘઉં સહીત અન્ય પાકોનો સોથ વળી જતા ખેડૂતો માટે હોળી પર્વ આફતનું પર્વ સાબિત થયું હતું કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કરા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી ખેડૂતોએ સરકાર દ્વારા સર્વે કરાવી નુકશાનની વળતર ચુકવવામાં આવેની માંગ પ્રબળ બની છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સોમવારે સાંજના સુમારે એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને તેજ પવન ફૂંકાવો શરૂ થયો હતો. આ સાથે પ્રચંડ ગાજવીજ અને વાદળોનો ગડગડાટ ચાલું થતાં લોકો ભયભીત બની ગયા હતા.થોડી જ મિનિટોમાં કેટલાક વિસ્તરોમાં મિનિ વાવાઝોડા જેવા તોફાની પવન સાથે ક્યાંક છાંટા તો ક્યાંક ધોધમાર વરસાદ વરસી પડયો હતો સમગ્ર જીલ્લામાં કમોસમી વરસાદના પગલે ખેડૂતો ચિંતામાં સરી પડ્યા હતા કમોસમી વરસાદ ખાબકતા ઘઉં, ચણા, અડદ, બટાકા, શાકભાજીના પાકોને નુકશાન થવાની ભીતિ છે. ઘઉં, કપાસ, ચણા જેવા પાકો માર્કેટમાં પહોંચાડવાના સમયે વરસાદ જાણે વિલન બનતા ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે

# મોડાસા : બસ સ્ટેન્ડમાં ઉભેલી બસમાં આગ લાગતા અફરાતફરી મચી, બસનો આગળનો ભાગ આગમાં ખાખ, કર્મચારીઓમાં દોડધામ



મોડાસા, તા. ૯

ઉનાળાની શરૂઆત થવાની સાથે વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ વધી રહી છે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના હંગામી બસ સ્ટેન્ડમાં ઉભી રહેલી બસમાં અગમ્ય કારણોસર આગ લાગતા ઉભેલી બસમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા કર્મચારીઓ ચોકી ઉઠ્યા હતા બસમાં આગ લાગતા કર્મચારીઓ અને ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવતા ડેપોમાં આગ પ્રસરતી અટકી હતી બસમાંથી આગના લબકારા અને ધુમાડાના પગલે બસ સ્ટેન્ડમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો સદનસીબે ઉભી રહેલી બસમાં આગ લાગતા જાનહાની ટળી હતી. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલ હંગામી બસ સ્ટેન્ડમાં ઉભી રહેલી બસના આગળના ભાગમાં અચાનક આગ લાગી હતી આગ લાગતા બસ સ્ટેન્ડમાં અફરાતફરી માહોલ જોવા મળ્યો હતો એન્જીનના ભાગમાં લાગેલી આગના પગલે સમગ્ર બસ ધૂમાડાના ગોટેગોટામાં ફેરવાઈ ગઈ હતી બસમાં આગ લગતા ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો આગના પગલે બસનું ડ્રાઈવર કેબીન અને એંજીનનો ભાગ આગમાં સ્વાહા થઈ ગયો હતો બસમાં આગ લાગતા મુસાફરો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

# ખેડબ્રહ્માના આગીયા ગામમાં પ્રગટાવેલી હોળીના ધગધગતા અંગારામાં શ્રદ્ધાળુઓની દોટ

## મહાભારત સમયથી ચાલી આવતી પરંપરા, દર્શન માટે ૨૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા

બાયડ, તા.૯

ગત રોજ હોળી પર્વ દરમ્યાન કમોસમી માવઠા સાથેનું



વાવાઝોડું વિલન બનતાં ક્યાંક હોલિકા દહનના કાર્યક્રમ મુલત્વી રહ્યા. તો ક્યાંક વિલંબથી થયા. ત્યારે ખેડબ્રહ્માના આગીયા ગામમાં મહાભારત સમયથી ચાલી આવતી પરંપરા અનુસાર સોમવારે સમી સાંજે પ્રગટાવેલી હોળીના ધગધગતા અંગારામાં ૨૫ થી વધુ શ્રદ્ધાળુઓએ દોટ લગાવી હતી. દર વર્ષે ગામમાં હોળીના અંગારામાં દોડતા શ્રદ્ધાળુઓને જોવા માટે મોટી સંખ્યામાં જિલ્લાના ખુણેખુણેથી શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે. ગત રોજ પણ ૨૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ તેના ફરી એકવાર સાક્ષી બન્યા. જો કે હોળી પ્રગટાવવાનું મૂહર્ત વહેલું હોવાથી અનેક શ્રદ્ધાળુઓ દર્શનથી વંચિત રહ્યા હતા.

માત્ર અંગારો નામ પડે એટલે દાઝી જવાય તેવી લાગણી અનુભવાય પરંતુ જ્યાં શ્રદ્ધા હોય ત્યાં કશું જ અસંભવ નથી. જિલ્લાના આગીયા ગામમાં મહાભારત યુગથી ચાલી આવતી પરંપરાને વર્તમાન પેઢી પણ આગળ ધપાવી રહી છે. હોળી મુદ્દે અવઢવ હતી પરંતુ ગામમાં હોલિકા દહનના શુભ મૂહર્ત સાંજે ૭-૪૫ વાગે હોળી પ્રગટાવવામાં આવી અને હોળીના અંગારામાં એક પછી એક શ્રદ્ધાળુઓએ દોટ લગાવી અદ્ભુત આસ્થાના દ્રશ્યો ઉભા કર્યા હતા. ગામમાં હોળી સાથે દંતકથા પ્રચલિત છે અને જેમાં હોળીમાં વાંસ સળગાવવામાં આવે છે અને સળગતો વાંસ હોળી પ્રજવલિત થયાના સ્થળથી ગામમાં ૫૦૦ મીટર દૂર આવેલા મહાકાળી માતાના મંદિરે ગામમાં રહેતા વાઘેલા વંશના પરિવારો લઈ જાય છે અને ત્યાં કુંડમાં સળગતો વાંસ ઠારવામાં આવે છે અને પછી શ્રદ્ધાળુઓ ધગધગતી હોળીમાં પગપાળા પસાર થાય તો પણ તેમાં ઠંડક પ્રસરી જાય છે અને અંગારા છતાં પગ દાઝતા નથી. જો કે વર્તમાન આધુનિક યુગમાં પણ સળગતા અંગારામાં ચાલવા છતાં પગ કેમ દાઝતા નથી ?? તે કોયડો વણઉકલ્યો છે.

### સળગતો વાંસ ઠારી દો એટલે હોળીના અંગારામાં ઠંડક પ્રસરે

આગીયા ગામના પ્રજ્ઞેશ સુથારે જણાવ્યું કે આગીયા ગામની હોળી સમગ્ર રાજ્યમાં પ્રચલિત છે કારણ કે હોળીના ધગધગતા અંગારામાં શ્રદ્ધાળુઓ દોટ લગાવે તો પણ દાઝતા નથી અને આ માટે વર્ષોથી ગામમાં માન્યતા પ્રવર્તિ રહી છે કે વાઘેલા વંશના પરિવારો હોળી પ્રગટે એટલે વાંસ સળગાવીને દૂર આવેલા મહાકાળી માતાના મંદિરે પહોંચી જાય છે અને જૂનીવાવના પાણીમાં તેને ઠારી દે એટલે ગામમાં પ્રગટાવેલી હોળીમાં ઠંડક પ્રસરી જાય છે. પરંતુ આ માટે ભક્તમાં શ્રદ્ધા હોવી જરુરી છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ઉનાળાની આરંભે જ અષાઢી માહોલ....!!!



પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકા મા પણ તેજ પવન ગાજવીજ કડા સાથે કમોસમી વરસાદ ખાબકયો હતો તો કમોસમી વરસાદ ને લઈ ને હાલતો તૈયાર થયેલ રવિ પાકો સહિત કોબીજ-ફલાવરના પાક ઉપર અસર જોવા મળી છે. સોમવાર બપોર બાદ હવામાન વિભાગ ની આગાહી બાદ ગુજરાત ના વિવિધ વિસ્તારો મા સહિત જિલ્લા સહિત તાલુકામા અચાનક વાતાવરણ મા પલ્ટો આવ્યો હતો તો પ્રાંતિજ સહિત તાલુકામા તેજ પવન સાથે ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડયો હતો તો સીતવાડા , બોરીયા , ઓરાણ , અનવરપુરા , બોભા સહિત ના વિસ્તારો મા કમોસમી વરસાદ સાથે કડા પડયા હતા તો હાલતો ભર ઉનાળે ઉનાળાની આરંભેજ વાતાવરણ મા પલ્ટો બાદ કમોસમી વરસાદ પડતા ધરતીપુત્રો મા નિરાશા જોવા મળી હતી અને હાલતો તૈયાર થયેલ રવિપાક ઉપર કમોસમી પાણી ફરી વળ્યા હતા જેને લઈ ને ધઉ ,કપાસ , વરિયાળી , બટકા , ફલાવર-કોબીજ સહિત ના પાકો ઉપર હાલતો અસર જોવા મળી રહીછે તો હાલતો મોટા ભાગના ખેતરોમા તૈયાર થયેલ ધઉ ખેતરોમાજ પલરી ગયા હતા તો બીજી બાજુ ખેતરોમા વાઢેલ તૈયાર થયેલ ધઉ ના પાથરણા તેજ પવન ને લઈ ને ખેતરોમા ઉડયા હતા તો પ્રાંતિજ ના વિલાસપુરા કંપા ખાતે કમોસમી વરસાદ ને લઈ ને તૈયાર થયેલ બટાકા તથા ચણા ના પાક ઉપર પણ કમોસમી વરસાદ ની અસર જોવા મળી હતી તો પ્રાંતિજ ના સીતવાડા પાસે એક તબેલામા રહેલ સેડ ઉડયો હતો ત્યારે હાલતો તૈયાર થયેલ પાક ઉપર અસર થતા ખેતરોમા નિરાશા જોવા મળી રહી છે.